પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
**Email:Spl1-ahd@gujarat.gov.in**

## :- જાહેરનામું -:

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**
**નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/ ૨૬ /૨૦૨૨.તા-૨૯/૦૪/૨૦૨૨.**

વંચાણે લીધા:- (૧) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક: નં.એક્ઝામ સેલ/ ગુજરાત પંચાયત/પરીક્ષા/જાહેરનામું/વશી/૭૬૦/૨૦૨૨ તા.૨૯/૦૪/૨૦૨૨ તથા ;
(૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમદાવાદની કચેરીના પત્ર ક્રમાંક:મસલ/મકમ-૧૦/વશી/૨૦૪૬/ ૨૦૨૨ તા.૨૮/૦૪/૨૦૨૨ અન્વયે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગર દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ ના વિવિધ સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૩૦/૦૪/૨૦૨૨ થી તા.૦૫/૦૬/૨૦૨૨ સુધી યોજનાર છે.જે પૈકી (૧).જા.ક્ર.૦૬/૨૦૨૧-૨૨ આંકડા અધિકારીની પરીક્ષા તા.૩૦/૦૪/૨૦૨૨ ના કલાક ૧૫/૦૦ થી ૧૬/૦૦ સુધી તથા (૨).જા.ક્ર.૦૫/૨૦૨૧-૨૨ નાયબ હિસાબનીશ પરીક્ષા તા.૦૮/૦૫/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ થી ૧૨/૩૦ સુધી (૩).જા.ક્ર.૧૧/૨૦૨૧-૨૨ જુનિયર ફાર્માસીસ્ટ પરીક્ષા તા.૦૮/૦૫/૨૦૨૨ ના કલાક ૧૫/૦૦ થી ૧૬/૩૦ સુધી (૪).જા.ક્ર.૦૭/૨૦૨૧-૨૨ સમાજ કલ્યાણ નિરીક્ષક (જુ.ગ્રેડ) પરીક્ષા તા.૧૫/૦૫/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ થી ૧૨/૩૦ સુધી (૫).જા.ક્ર.૦૮/૨૦૨૧-૨૨ વિસ્તરણ અધિકારી (સહકાર) પરીક્ષા તા.૧૫/૦૫/૨૦૨૨ ના કલાક ૧૬/૦૦ થી ૧૭/૩૦ સુધી (૬).જા.ક્ર.૦૩/૨૦૨૧-૨૨ વિભાગીય હિસાબનીશ પરીક્ષા તા.૨૨/૦૫/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ થી ૧૨/૩૦ સુધી (૭).જા.ક્ર.૧૩/૨૦૨૧-૨૨ અધિક મદદનીશ ઇજનેર (સિવીલ) પરીક્ષા તા.૨૨/૦૫/૨૦૨૨ ના કલાક ૧૫/૦૦ થી ૧૬/૩૦ સુધી (૮).જા.ક્ર.૧૪/૨૦૨૧-૨૨ મુખ્ય સેવિકા પરીક્ષા તા.૦૫/૦૬/૨૦૨૨ ના કલાક ૧૧/૦૦ થી ૧૨/૩૦ સુધી (૯).જા.ક્ર.૧૫/૨૦૨૧-૨૨ ગ્રામ સેવક પરીક્ષા તા.૦૫/૦૬/૨૦૨૨ ના કલાક ૧૫/૦૦ થી ૧૬/૦૦ સુધી અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા:૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફિકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/ ૧૦૮૨/ એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં. જીજી/ ફકઅ/ ૧૦૮૮/ ૬૭૫૦/ મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ મુજબ નીચે જણાવેલ વિસ્તાર પ્રતિબંધિત વિસ્તાર ફરમાવી તેમાં નીચે જણાવેલ કૃત્યો કરવાની મનાઇ ફરમાવું છું.

### -:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.
(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

## -:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

## -:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

## -:નોંધ:-

(૧) COVID-19 ની મહામારી ચાલતી હોય તમામ પરીક્ષાર્થીઓએ તેમજ પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ તમામ અધિકારી/કર્મચારીઓએ ફરજિયાત માસ્ક પહેરવાનું રહેશે તથા સોશિયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

(૨) જાહેર જગ્યામાં કોઇપણ વ્યક્તિએ થુંકવુ નહિ.

(૩) ભારત સરકાર તથા ગુજરાત સરકારના COVID-19 ને અટકાવવા માટેના વખતો-વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો તમામે ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

## -:સમયગાળો:-

**આ હુકમ (૧) આંકડા અધિકારીની પરીક્ષા માટે તા.૩૦/૦૪/૨૦૨૨ ના કલાક ૧૨/૦૦ થી સાંજ કલાક ૧૮/૦૦ સુધી તથા (૨)નાયબ હિસાબનીશ પરીક્ષા તેમજ જુનિયર ફાર્માસીસ્ટ પરીક્ષા માટે તા.૮/૦૫/૨૦૨૨ ના સવાર કલાક ૦૮/૦૦ થી સાંજ કલાક ૧૮/૦૦ સુધી તથા (૩)સમાજ કલ્યાણ નિરીક્ષક (જુ.ગ્રેડ) પરીક્ષા તેમજ વિસ્તરણ અધિકારી (સહકાર) પરીક્ષા માટે તા.૧૫/૦૫/૨૦૨૨ ના સવાર કલાક ૦૮/૦૦ થી સાંજ કલાક ૧૯/૦૦ સુધી તથા (૪) વિભાગીય હિસાબનીશ પરીક્ષા તેમજ અધિક મદદનીશ ઇજનેર (સિવીલ) પરીક્ષા માટે તા. ૨૨/૦૫/૨૦૨૨ ના સવાર કલાક ૦૮/૦૦ થી સાંજ ૧૮/૦૦ સુધી તથા (૫) મુખ્ય સેવિકા પરીક્ષા તેમજ ગ્રામ સેવક પરીક્ષા માટે તા.૦૫/૦૬/૨૦૨૨ ના સવાર કલાક ૦૮/૦૦ થી સાંજ કલાક ૧૮/૦૦ સુધી અમલમાં રહેશે.**

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ના અધિનિયમની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ /અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ.સુધીના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામા નો ભંગ કરનાર ઇસમો સામે ઇપીકો કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૨૯/૦૪/૨૦૨૨ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

સવિનય નકલ રવાના:

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૫) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ.
(૬) નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર (ગ્રામ્ય), અમદાવાદ.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક, વહીવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.
(૧૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર.
(૧૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ ઝોન, કંટ્રોલ રૂમ સહિત, અમદાવાદ શહેર.
(૧૪) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.
(૧૬) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૧૭) પોલીસ ઇન્સપેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૧૮) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૧૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભોયતળીયે બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.
(૨૦). જિલ્લા પંચાયત વિકાસ અધિકારીશ્રી, મહેસુલ શાખા,ભદ્ર, લાલદરવાજા,અમદાવાદ.
(૨૧) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૨) ના.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)